# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડીયા વાંચે છે.

**************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે,મહિલા શક્તિ માટે આપેલા દરેક વચનને પૂર્ણ કરવામાં આવશે.

**2)** આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર બે દિવસીય એક્શન કોન્ફરન્સ આવતીકાલથી પેરિસમાં.... પ્રધાનમંત્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન સાથે સંયુક્ત રીતે સમિટની અધ્યક્ષતા કરશે.

**3)** દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ઉપરાજ્યપાલ ને પોતાનું રાજીનામું સોંપ્યું.

**4)** રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં બેતિયા અને કુમારબાગ વચ્ચે રેલ્વે ઓવરબ્રિજનું ઉદ્ઘાટન કરશે

**5)** લેબનોનના પ્રધાનમંત્રી નવાફ સલામના નેતૃત્વમાં સરકારની રચના કરવામાં આવી છે.

6) કટક ખાતેની બીજી વન ડે ક્રિકેટ મેચમાં ઇગ્લેંડે ટોસ જીતી બેટીંગ પસંદ કરી.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM NARI SHAKTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દિલ્હી એક નાનું ભારત છે. આ એક લઘુચિત્ર ભારત છે. તેમણે સંતોષ વ્યક્ત કર્યો કે, સમાજના દરેક વર્ગે મોટી સંખ્યામાં ભાજપને મતદાન કર્યું. તેમણે કહ્યું કે, દિલ્હીની મહિલા મતદારો ભાજપની ઢાલ બની ગઈ છે અને મહિલા શક્તિ માટે આપેલા દરેક વચનને પૂર્ણ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે, આજે, કરોડો માતાઓ અને બહેનોને આપણી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. તેમણે કહ્યું કે, હું દિલ્હીની માતૃશક્તિને એ પણ કહું છું કે, ચૂંટણી દરમિયાન તેમને આપેલા વચનો ચોક્કસપણે પૂરા થશે.

## (BYTE -PM નરેન્દ્ર મોદી)

. . . . . . . . . . . . . . .

# PARIS- A.I ACTION SUMMIT

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર બે દિવસીય એક્શન કોન્ફરન્સ આવતીકાલથી પેરિસમાં શરૂ થઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે સંયુક્ત રીતે સમિટની અધ્યક્ષતા કરવા માટે પેરિસ જવા રવાના થઈ રહ્યા છે. આ પરિષદમાં વિશ્વભરના નેતાઓ, ઉદ્યોગપતિઓ અને સંશોધકો ભાગ લેશે. આ પરિષદનો ઉદ્દેશ્ય નૈતિક મૂલ્યો પર આધારિત વૈશ્વિક AI નીતિ ઘડવાનો છે.

પેરિસમાં મિકેનિકલ ઇન્ટેલિજન્સ કોન્ફરન્સની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ પરિષદમાં, 100 કરતાં વધુ દેશોના પ્રતિનિધિઓ શાસન, અર્થતંત્ર અને મૂળભૂત અધિકારો પર યાંત્રિક બુદ્ધિમત્તાની અસર અંગે ચર્ચા કરશે.

મિકેનિકલ ઇન્ટેલિજન્સ હવે વિશ્વભરના ઉદ્યોગોને અસર કરી રહ્યું છે અને તેથી આ કોન્ફરન્સ નૈતિક મૂલ્યો પર આધારિત નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

. . . . . . . . . . . . . . .

# ATISHI-RESIGNATION

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ આજે સવારે રાજ નિવાસ ખાતે ઉપરાજ્યપાલ વી કે સક્સેનાને પોતાનું રાજીનામું સોંપ્યું. દરમિયાન, દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ ગઇકાલે રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીની સાતમી વિધાનસભાનું વિસર્જન કર્યું. ગઈકાલે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ 70 વિધાનસભા બેઠકોમાંથી 48 બેઠકો જીતીને વિજય મેળવ્યો. આમ આદમી પાર્ટીએ માત્ર 22 બેઠકો જીતી જ્યારે કોંગ્રેસને એક પણ બેઠક મળી ન હતી.

ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં AAP કન્વીનર અને તેમના પુરોગામી અરવિંદ કેજરીવાલે ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે પદ પરથી રાજીનામું આપ્યા બાદ આતિશીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

. . . . . . . . . . . . . . . .

# RAILWAY MINISTER- BIHAR VISIT

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં બેતિયા અને કુમારબાગ વચ્ચે રેલ્વે ઓવરબ્રિજનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે કોલસા રાજ્યમંત્રી સતીશ ચંદ્ર દુબે, બિહાર મંત્રી રેણુ દેવી, ભારતીય જનતા પાર્ટીના સાંસદ ડૉ. સંજય જયસ્વાલ અને જનતા દળ-યુનાઈટેડના સુનીલ કુમાર પણ હાજર રહેશે.

શ્રી વૈષ્ણવ બેતિયા-પટણા રેલ્વે સેક્શન પર સિગ્નલિંગ સિસ્ટમ, આ રૂટ પરના પ્રોજેક્ટ્સ અને અમૃત ભારત સ્ટેશનોની સમીક્ષા કરશે.

રેલ્વે મંત્રાલયે નાણાકીય વર્ષ 2025-26 માં બિહાર માટે 10 હજાર 666 કરોડ રૂપિયાની રેકોર્ડ ફાળવણી કરી છે.

રેલ્વે મંત્રાલયે બિહારના આર્થિક અને માળખાગત વિકાસનો આધાર રેલ્વે બનાવવા માટે એક યોજના તૈયાર કરી છે. રાજ્યમાં 98 અમૃત ભારત સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યા છે અને લગભગ 90 હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

# DEFENCE CONTRACT

સંરક્ષણ મંત્રાલયે, નૌકાદળને 11 પેટ્રોલ જહાજો અને 3 તાલીમ જહાજો પૂરા પાડવા માટે ભારત ઇલેક્ટ્રોનિક્સ સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ કરાર અંતર્ગત ઓપ્ટિકલ ફાઇબર કંટ્રોલ સિસ્ટમની ખરીદી કરવામાં આવશે, જે લક્ષ્યોની શોધમાં મદદરૂપ બનશે. આ કરાર ત્રણ વર્ષ માટે રોજગારની તકોનું સર્જન કરશે. આનાથી સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના સરકારના પ્રયાસોને બળ મળશે.

. . . . . . . . . . . . . . . .

## ANUPRIYA-PATEL--CHEMICAL

કેન્દ્રીય રસાયણ અને ખાતર રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે રસાયણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ રસાયણ નિકાસકારોની પ્રશંસા કરી છે.

48મા એક્સપોર્ટ એવોર્ડ સમારોહ પહેલા મીડિયા સાથે વાત કરતા શ્રીમતી પટેલે જણાવ્યું કે, રસાયણો અને પેટ્રોકેમિકલ ઉદ્યોગ દેશના અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપે છે. કૃષિ, ખાતરો, ફાર્માસ્યુટિકલ્સ, કાપડ, ઇલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઇલ સહિત વિવિધ ક્ષેત્રોમાં 80 હજારથી વધુ રસાયણો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## (BYTE -અનુપ્રિયા પટેલ)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH

પ્રયાગરાજ મહાકુંભમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા એક પેવેલિયન શરૂ થયું.

જેમાં કેન્દ્ર સરકારની  વિવિધ પહેલ પ્રદશિત કરવામાં આવી છે. સરકારે રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ 12 હજારથી વધુ વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ લોકોને સહાયક ઉપકરણો પૂરા પાડ્યા છે.

## (BYTE: DIPENDRA KUMAR)

. . . . . . . . . . . . . . . .

# LEBANON- NEW GOVERNMENT

લેબનોનના પ્રધાનમંત્રી નવાફ સલામના નેતૃત્વમાં સરકારની રચના કરવામાં આવી છે. આ સાથે, 2022 થી ચાલી રહેલા અવરોધનો પણ અંત આવ્યો.

રાષ્ટ્રપતિ જોસેફ આઉને પાછલી કાર્યકારી સરકારનું રાજીનામું સ્વીકાર્યું અને પ્રધાનમંત્રી  સલામના નેતૃત્વમાં સરકાર બનાવવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા.

નવાફ સલામ એક અનુભવી રાજદ્વારી છે અને તેમણે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના પ્રમુખ તરીકે સેવા આપી છે. તેમણે ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ લાગુ કરવાનું વચન આપ્યું છે.

દરમિયાન, રાજ્ય સમાચાર એજન્સી અનુસાર, સીરિયા સાથે લેબનોનની સરહદ નજીક ઇઝરાયલી ડ્રોન હુમલામાં 6 લોકો માર્યા ગયા અને અન્ય 2 ઘાયલ થયા.

. . . . . . . . . . . . . . .

# CRICKET- 2ND ODI

પ્રવાસી ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેની વન-ડે ક્રિકેટ શ્રેણીની બીજી એક દિવસીય મેચ કટકમાં શરૂ થઈ છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ત્રણ એક દિવસીય મેચોની શ્રેણીની નાગપુરમાં રમાયેલી પહેલી ક્રિકેટ મેચમાં ભારતે વિજય મેળવીને 1-0 થી સરસાઈ મેળવી છે.

. . . . . . . . . . . . . . . .

# WORLD-BOOK-FAIR-END

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ચાલી રહેલા વિશ્વ પુસ્તક મેળાના 52મા સંસ્કરણનું આજે સમાપન થશે.

નવ દિવસના આ કાર્યક્રમનું ઉદ્ઘાટન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં 50થી વધુ દેશોની ભાગીદારી જોવા મળી હતી. આ ઉપરાંત, લગભગ 2 હજાર પ્રકાશકો અને 1 હજાર વક્તાઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ મેળામાં શૈક્ષણિક પુસ્તકો અને નવલકથાઓથી લઈને જીવનચરિત્ર અને હાસ્ય પુસ્તકો સુધીના વિવિધ શૈલીના પુસ્તકોનો વિશાળ સંગ્રહ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# TENNIS- MUMBAI OPEN

આજે મુંબઈ ઓપન ટેનિસ ટુર્નામેન્ટના મહિલા ડબલ્સની ફાઇનલમાં, ભારતની પ્રાર્થના થોમ્બરે અને નેધરલેન્ડ્સની એરિયાન હાર્ટોનોની જોડી રશિયાની અમીના અંશાબા અને એલિના પરિદાનકીનાની જોડી સામે ટકરાશે. આ મેચ સાંજે 5 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં ભારતની માયા રાજેશ્વરન સ્વિટ્ઝર્લેન્ડની જીલ ટાઈચમેન સામે હાર્યા હતા. અન્ય સેમિફાઇનલમાં, થાઇલેન્ડના મનનચાયાએ કેનેડાની રેબેકા મેરિનોને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો.

. . . . . . . . . . . . . . .

# CHESS--FREESTYLE-GRANDSLAM

આ વર્ષના ફ્રીસ્ટાઇલ ચેસ ગ્રાન્ડ સ્લેમ ટૂરની પાંચ ઇવેન્ટમાંથી પ્રથમમાં, વિશ્વ ચેમ્પિયન, ભારતના ડી ગુકેશે નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય કર્યું છે.

જર્મનીના વેઇસેનહોસમાં ક્વોલિફાયરના નવમા અને અંતિમ રાઉન્ડમાં નોર્વેના મેગ્નસ કાર્લસન, સામે હાર્યા છતાં ગુકેશે આગામી સ્ટેજમાં પ્રગતિ કરી.

ગુકેશે 3.5 પોઈન્ટ સાથે સમાપ્ત કર્યું. દસ-ખેલાડીઓના ફોર્મેટમાં તેમણે આઠમું સ્થાન મેળવ્યું.

. . . . . . . . . . . . . . . .